


**FSSAI લાઇસન્સ મેળવનાર ફૂડબીઝનેસ ઓપરેટરો માટે**
**ફૂડ સલામતી અને કાયદાકીય પાલન જરૂરીછે.**
**નીચે ના નિયમો અને તકેદારી ઓનો ખાસ રીતે પાલન કરો :**

### 1. બિલ અને રસીદ પર FSSAI નંબર નો ઉલ્લેખ કરવો :

- તમારા બિઝનેસના તમામ બિલ અને પેમેન્ટ રસીદમાં તમારો FSSAI લાઈસન્સ નંબર (14અંકનો) સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરવો ફરજિયાત છે.

### 2. લાઈસન્સ સર્ટિફિકેટનું પ્રદર્શન અને એક્સપાયરી :

- તમારા બિઝનેસ સ્થાન, ફેક્ટરી, ઓફિસ અથવા દુકાન પર FSSAI લાઈસન્સ સર્ટિફિકેટ નજરે પડે તે રીતે લગાવવું.
- ગ્રાહકો અને અધિકારીઓ માટે તે સદંતર ઉપલબ્ધ રાખવું.
- FSSAI લાયસન્સ એક્સપાયરી તારીખથી થી બે મહિના પહેલા અચૂક રિન્યુયલ કરવો જેથી પેનલ્ટી થી બચી શકો.

### 3. બિઝનેસ બોર્ડ પર FSSAI નંબર :

- તમારા બિઝનેસ સ્થળ ના બોર્ડ પર તમારી કંપનીના નામ સાથે FSSAI નંબર દર્શાવવો આવશ્યક છે.

### 4. સ્વચ્છતા અને હાઈજીન :

- ઉત્પાદન સ્થળ અને દુકાનની સંપૂર્ણ સફાઈ જાળવો.
- અનાજ, કાચા માલ કે ફિનિશ પ્રોડક્ટ્સમાં જીવજંતુ, વંદા કે અન્ય પ્રદૂષણ ન થાય તેની તકેદારી રાખો.
- પ્રોડક્શન અને સ્ટોરેજ માટે સલામત અને નિયમિત રીતે સફાઈ કરવામાં આવતી જગ્યાનો ઉપયોગ કરો.

## 5. પ્રોડક્ટનું લેબટેસ્ટિંગ :

- જો તમે મેન્યુફેક્ચરિંગ કરતા હોવ તો, દર છ મહિને (એપ્રિલ થી સપ્ટેમ્બર અને ઓક્ટોબર થી માર્ચ) તમારું ઉત્પાદન FSSAI માન્યતા પ્રાપ્ત લેબમાં ટેસ્ટ કરાવવું ફરજિયાત છે.
- ટેસ્ટ રિપોર્ટ તમારા રેકોર્ડ માં રાખવો અને લયસન્સમાં ઓનલાઈન ઉપલોડ કરવો જરૂરી છે.

## 6. વાર્ષિક રીટર્ન (ફોર્મ D1) :

- મેન્યુફેક્ચર યુનિટ અને ઈમ્પોર્ટ/એક્સપોર્ટ કરતા વેપારીઓ માટે દર વર્ષે 15 એપ્રિલ સુધીમાં ફૂડ બિઝનેસનું ઓનલાઈન વાર્ષિક રીટર્ન ભરવું ફરજિયાત છે.
- તેમાંની નીચેની વિગતો આપવી: (1 એપ્રિલ થી 31 માર્ચ)
- ઉત્પાદનની કુલ માત્રા (કિલો/ટન)
- ઉત્પાદનનું કુલ મૂલ્ય

## 7. ડોક્યુમેન્ટ્સ ટાઈમ સર મોકલવા

- તમારા લાઈસન્સ થી જોડાયેલા તમામ જરૂરી દસ્તાવેજો સમયસર તૈયાર રાખો.
- અમે યાદી ન મોકલીએ તો આપે અમારો સંપર્ક કરી ને સમયસર ડોક્યુમેન્ટ્સ આપી દેવા.

## 8. રેકોર્ડ્સ નું સચોટ પાલન :

- ખરીદી અને વેચાણના તમામ રેકોર્ડ્સ ઉપલબ્ધ રાખો.
- કોઈ પણ ઈન્સ્પેક્શન સમયે તમારું બિઝનેસ સ્ટેટસ અને કાગળો મોજુદ રાખવા જરૂરી છે.

## 9. પ્રોડક્ટ પેકેજિંગ નિયમો :

- તમારા ઉત્પાદનના પેકેજિંગ પર FSSAI લોગો અને લાઈસન્સ નંબર ફરજિયાત દર્શાવો.
- બેચ નંબર, મેન્યુફેક્ચર અને એક્સપાયરી તારીખ, પ્રોડક્ટની વિગત, વજન, અને પોષક તથ્યો દર્શાવવા ફરજિયાત છે.

## 10. ગ્રાહક ફરિયાદ અને રીઝોલ્યુશન સિસ્ટમ :

- ગ્રાહક ફરિયાદોને ઝડપથી હલ કરવા માટે તંત્ર રચો.
- તમારી કંપનીના હેલ્પલાઈન નંબર અથવા ઈમેઈલને પેકેજિંગ પર ઉપલબ્ધ કરાવો.

નોંધ : **Envitro Consultancy Services** દ્વારા ઉપરોક્ત સૂચના ઓ અનુસરવા અને સમયસર કામગીરી કરવા માટે મદદકરવા માં આવશે. જોકે, બિઝનેસ ઓપરેટર તરીકે કાયદાકીય જવાબદારી તમારી છે.

આભાર,



Envitro® LABORATORIES

**Envitro Group of Companies**

"Krushna Radio", 6 - Navalnagar Corner, Mavdi Main Road, Rajkot - 360 004

**+91 99245 33992** (Kirit Rakholiya) envitrolabs@gmail.com www.envitrolabs.com